# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે ડાંગરની આધુનિક ખેતી પદ્ધતિ વિશે બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" યોજનાના ભાગરૂપે તા:૦૪-૧૦-૨૦૧૬ તથા તા. ૦૫-૧૦-૨૦૧૬ એમ બે દિવસીય "**ડાંગરની આધુનિક ખેતી પદ્ધતિ**" પર તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં નડિયાદ તાલુકાનાં જુદા જુદા ગામોમાંથી ૩૫ ખેડૂતો હાજર રહ્યા હતા.

ડૉ. બી. એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી એ કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન અને બીજ ઉત્પાદનની પ્રવૃત્તિઓથી ખેડૂતોને અવગત કર્યા હતા તથા ડાંગરની ખેતી પદ્ધતિ વિશે  વિસ્તૃત વ્યાખ્યાન આપેલ. પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે "ડાંગરમાં પાક સંરક્ષણ" વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપ્યું  હતું.  પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીએ કેન્દ્ર ખાતે ચાલતી વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ તથા પ્રવર્તમાન કૃષિ સ્થિતિ થી ખેડૂતોને વાકેફ કર્યા  હતા.

ડૉ. જે. કે. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ડાંગરની જુદી જુદી જાતો વિશે વિસ્તૃત ચર્ચા કરેલ.  કાર્યક્રમ ના અંતે ખેડૂતોના પ્રોત્સાહન માટે "ડાંગરની શ્રી પધ્ધતિ" વિશે વિડીયો ફિલ્મ પણ બતાવી હતી તથા પધારેલ ખેડૂતોને કેન્દ્રની મુલાકાત કરાવેલ.








